
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રહેઠાણના મકાનો અને બંધારણ આદર્શ

સમાજમાં બંધારણીય અધિકારોના આધારે સામાજિક વિકાસ આપણે કેટલો અને કેવો મેળવી શક્યા છીએ એનુ માપન શ્રેષ્ઠ રીતે સમાજ વિજ્ઞાન કરી શકે. બંધારણના આદર્શો સ્વીકારીને ભારત સમગ્ર વિશ્વના સૌથી મોટા લોકશાહી (વસ્તીની દષ્ટિએ) દેસ તરીકે જાણીતુ બન્યુ છે. બંધારણ અને તેની પિમાંસા અનેક રીતે થઈ શકે પરંતુ જો આ લેખમાં એની વિશિષ્ટતા સમજવી હોય તો એમ કહી શકાય કે નગરમાં જ એક મિશ્રિત વિસ્તારમાં વસતા તેમના વ્યવસાય-જ્ઞાતિના આધારે ચોક્કસ




**ગાંધીનગરમાં વસતા અનુસૂચિત જાતિના ૭૫ ટકા પરિવારોને સારી હાલતના મકાનની સુવિધા**

નામો ધરાવતા વિસ્તારમાં વસતા આ નબળા સમૂહો કે અનુસૂચિત જાતિ કે જે સદીઓ જુની ખોટી આભડછેડનો ભોગ બન્યા હતા એ ભારતીયોનુ સામાજિક જીવનમાં કેવો બદલાવ આવ્યો છે. તો એવી જ રીતે ભારતના મૂળ નિવાસી કે જેઓ આદિવાસી તરીકે ઓળખાય છે એમની સ્થિતિ કેવી છે ? શું નગર કે શહેરે તેમને એક જન સામાન્ય ભારતીય નાગરિકની નિસ્બતથી સ્વીકાર્યા છે ખરાં ? એમને મળતી વિવિધ સામાજિક જરૂરીયાતો ભૌતિક બાબતોની ઉપલબ્ધિ વગેરે દ્વારા પણ આપણે એમનો ઉપલા વર્ગ-જ્ઞાતિની 'બહિષ્કૃતતા'ની વસતી સામાજિક માનસિકતામાં બદલાવતી સ્થિતિ પણ સમજી શકાય છે. એમાં આપણને સહારો મળે છે સેન્સસ સર્વેનો, જે થકી આપણે પ્રગતિનો આંક આંકડા દ્વારા જોઈ શકીએ. અને ગુજરાતની સરખામણીએ ગાંધીનગર ગ્રામ્યક્ષેત્ર અને શહેરી ક્ષેત્રને પણ સમજી શકીએ.

સેન્સસ ૨૦૧૧ અનુસાર જોઈએ તો ગુજરાતના કુલ ૧૦ લાખ જેટલા અનુસૂચિત જાતિના પરિવારો પૈકી ૬૬ ટકા પરિવારો સારી હાલતના રહેઠાણની સુવિધા ધરાવે છે. જ્યારે ૩૨ ટકા પરિવારો રહેવા યોગ્ય રહેઠાણમાં અને ૨ ટકા પરિવારો જીર્ણશીર્ણ મકાનમાં રહે છે.

જ્યારે આ સંદર્ભે ગાંધીનગરમાં વસતા અનુસૂચિત જાતિના પરિવારજનોની વાત જોઈએ તો ગાંધીનગર શહેર અને ગ્રામ્યના કુલ ૨૭૬૪૨ પરિવારો પૈકી ૭૧ ટકા પરિવારોને યોગ્ય હાલતના રહેઠાણની સુવિધા છે જ્યારે ૨૭ ટકા પરિવારો રહેવાલાયક મકાનમાં અને ૨ ટકા પરિવારો જીર્ણશીર્ણ હાલતના રહેઠાણમાં વસે છે. અહીં જોવા મળે છે કે ગાંધીનગર અને ગુજરાતમાં જીર્ણશીર્ણ મકાનમાં રહેવુ પડતુ હોય એવા અનુસૂચિત જાતિ પરિવારોની સંખ્યા સરખી છે પણ બીજી તરફ ગુજરાત કરતાં ૪ ટકા વધુ પરિવારોને સારી હાલતના રહેઠાણોમાં રહી શકે છે.

જો ગ્રામીણ ગાંધીનગર અને શહેરી ગાંધીનગરની વિગતો જોઈએ તો ગાંધીનગર ગ્રામીણ ક્ષેત્રમાં અનુસુચિત જાતિના ૬૩ ટકા પરિવારો સારી હાલતના મકાનમાં, ૩૫ ટકા પરિવારો રહેવાલાયક મકાનમાં અને ૨ ટકાથી થોડા વધુ પરિવારો જીર્ણશીર્ણ મકાનમાં રહે છે. જ્યારે ગાંધીનગર શહેરની વાત કરીએ તો સારી હાલત

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની ઓળખસમા બે ટાવર જમીનદોસ્ત

**ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના બે કુલીંગ ટાવર ડાઈનેમાઈટ બ્લાસ્ટથી સંપૂર્ણ સતર્કતાથી તોડી પડાયા**

**૧૯૭૭માં બનેલા આ બન્ને ટાવર ૧૧૮ મીટરની ઊંચાઈ ધરાવતા હતા અને ૨૦૧૬માં તે ડી. કમિશન્ડ થયા હતા**



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરની ઓળખ બનેલા થર્મલ પાવર સ્ટેશનના કુલીંગ ટાવર ૧ અને ૨ ને આજે કંટ્રોલ બ્લાસ્ટ થકી તોડી પાડવામાં આવ્યા હતા.

૧૨૦ મે.વો.ના આ બે કુલીંગ ટાવર ૧૯૭૭માં નિર્માણ પામી અને વીજ ઉત્પાદનમાં આવ્યા હતા. આ બન્ને કુલીંગ ટાવરને ૨૦૧૬માં ડી કમિશન્ડ કરાયા હતા. આ તોડી પાડવા માટેની મંજૂરી માટે ત્રણ વર્ષનો સમય લાગ્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બન્ને ટાવર જુના-પુરાણા થયા હતા અને તેથી તેની જાળવણી અને નિભાવણીનો ખર્ચ પણ વધુ આવતો હતો. આજે તોડી પડાયેલ આ બન્ને કુલીંગ ટાવરની હાઈટ ૧૧૮ મીટર હતી.

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનમાં આ બે કુલીંગ ટાવર તોડી પડાયા પછી હજુ પણ ૨૧૦ મે.વો.ના ત્રણ કુલીંગ ટાવરો છે. આ બન્ને ટાવરો તોડવા માટે પહેલાં બોર્ડની અને પછી સરકારની મંજૂરી મેળવવામાં આવી હતી.

આ ટાવરો આજે રવિવારની રજાનો દિવસ હોવાથી તોડવા માટે પસંદ કરાયો હતો. જેથી ટ્રાફિક નિયંત્રણ તેમજ અન્ય કામગીરીમાં કોઈ ખાસ અડચણો ઉભી થાય નહિ. આજે સવારે જ પોલીસ તંત્ર તેમજ જી.ઈ.બી. દ્વારા આ માટે સેફટી એડવાઈઝરી જારી કરી દેવામાં આવી હતી.

ડાયનેમાઈટ અને આધુનિક ટેકનોલોજીના સંકલન થકી આ બન્ને ટાવરો સફળતાપૂર્વક ઉતારી લેવામાં આવતાં તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

બરાબર બપોરે ૩.૦૩ મિનિટે પ્રથમ બ્લાસ્ટ કરાયો હતો અને એક પછી એક એમ બન્ને ટાવરો ઉતારી લેવામાં આવ્યા હતા. આ બન્ને ટાવરો ઉતારવામાં આવતાં અર્ધા કલાક માટે સમગ્ર વાતાવરણ ધૂળિયુ બની ગયુ હતુ.

આ કુલિંગ ટાવરોના કાટમાળને હટાવવામાં પંદર દિવસથી વધુનો સમય લાગશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજે કરાયેલ આ કંટ્રોલ બ્લાસ્ટની કોઈજ અસરો અન્ય ટાવરો કે અન્ય વિસ્તારમાં થઈ ન હતી.

આ પ્રક્રિયા દરમિયાન બ્લાસ્ટને કારણે તીવ્ર ગતીવાળા

● અનુસંધાન પાન-૭ પર

## કુલીંગ ટાવરને જમીનદોસ્ત થતા માત્ર ૩૦ સેકન્ડ લાગી..!

**કેલ્ક્યુલેટીવ બ્લાસ્ટ સાથે ટાવર ડીમોલેશન માટે હરીયાણાની એક્ષપર્ટ એજન્સી હાયર કરાઈ હતી : બ્લાસ્ટ માટે આશરે ૩૦૦ કિલો ડાયનમાઈટ વપરાયો**

૧૧૮ મીટર ઊંચાઈ ધરાવતા બંને કુલીંગ ટાવરને જમીનદોસ્ત કરવા માટે હરીયાણાની એક એક્ષપર્ટ એજન્સી હાયર કરવામાં આવી હતી જે આ મુજબના કેલ્ક્યુલેટીવ બ્લાસ્ટ માટે જાણીતી છે. નવાઈની વાત એ છે કે અતિ આધુનિક કેલ્ક્યુલેઈન બ્લાસ્ટથી આ મોટા ટાવરને જમીન દોસ્ત થતા માત્ર ૩૦ સેકન્ડ જ લાગી હતી એટલે કે આંખના પલકારામાં આ ટાવર નજર સામે જ અદશ્ય થઈ ગયા હતા.

એક મહિનાથી આ બંને ટાવરના પીલરમાં ડ્રીલીંગ સહિતની કામગીરી ચાલી રહી હતી. ૮૮ જેટલા પીલરમાં ડ્રીલીંગ કર્યા બાદ અંદર ડાયનામાઈટ સેટ કરવામાં આવ્યા હતા. જેની માત્રા પણ સંપૂર્ણ ગણતરીપૂર્વકની હતી. તેમાં બ્લાસ્ટ માટેના માઈન સેકન્ડ ટાઈમીંગ સેટીંગ કરવામાં આવ્યા જેથી બ્લાસ્ટ એવી રીતે થાય કે આખો ટાવર સીધે સીધો નીચે બેસી જાય અને આજુબાજુના વિસ્તારમાં ક્યાંય પડે નહી..! બ્લાસ્ટ માટે આશરે ૩૦૦ કિલો ડાયનામાઈટ વપરાયો હોવાનુ સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે.

## ... તો અડધા ગાંધીનગરમાં પાણી બંધ થઈ ગયુ હોત..!

જી.ઈ.બી.માં જે જગ્યાએ આ બંને કુલીંગ ટાવર હતા તેની બીલકુલ નજીક ૧૦ મીટર જ દૂર નર્મદાના પાણીની લાઈન જાય છે. આ બ્લાસ્ટ કરીને ટાવર જમીનદોસ્ત કરવાની પ્રક્રિયામાં જો નર્મદાની પાઈપલાઈન તુટી હોત કે નુકશાન થયુ હોત તો અડધા ગાંધીનગરમાં પાણી આવતુ બંધ થઈ ગયુ હોત. પરંતુ આ બાબતને એટલીજ ગંભીરતાથી લઈને ખુબ જ સાવચેતીપૂર્વક ડીમોલેશનની કામગીરી કરવામાં આવી કે નર્મદાની લાઈનને સ્હેજ પણ નુકશાન થયુ નથી.

## ઊંચાઈની દૃષ્ટીએ આ ડીમોલેશન ભારતભરનુ સૌ પ્રથમ ડીમોલેશન

મળતી વિગત મુજબ ગાંધીનગરના જીઈબી ખાતે આજે થયેલુ કુલીંગ ટાવરનુ ડીમોલેશન એ ઊંચાઈની દૃષ્ટીએ ભારતભરનુ સૌપ્રથમ ડીમોલેશન હતુ. ૧૧૮ મીટરની ઊંચાઈ ધરાવતા આ ટાવરનુ ડીમોલેશન જે એજન્સી દ્વારા કરાયુ તે જ એજન્સી દ્વારા થોડા સમય પહેલા પાણીપતમાં પણ એક ટાવરનુ ડીમોલેશન કરવામાં આવ્યુ હતુ પરંતુ તેની ઊંચાઈ પણ ૧૦૮ મીટર જેટલી એટલે કે ગાંધીનગર જીઈબીના ટાવર કરતા ઓછી ઊંચાઈ હતી. અત્યાર સુધીમાં ભારતભરમાં જેટલા ટાવર ડીમોલેશન થયા છે તે પૈકી સૌથી વધુ ઊંચાઈ ગાંધીનગર જીઈબીના કુલીંગ ટાવરની હોવાનુ જાણવા મળ્યું છે.

# જિલ્લામાં પ્રથમ દિવસે સહાય માટે ૫૦૦થી વધુ ખેડૂતોએ અરજી કરી

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સરકારે ખેડૂતો માટે જાહેર કરેલ ઈનપુટ પેકેજની સહાય મેળવવાની અરજીઓ તંત્ર દ્વારા આજથી શરૂ થઈ છે અને જિલ્લામાં પ્રથમ જ દિવસે ૫૦૦થી વધુ ખેડૂતો દ્વારા આ માટે અરજીઓ રજુ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં સવા લાખથી વધુ ખેડૂત ખાતેદારો છે. આ સહાય માટેની અરજીઓ મળી ગયા બાદ જિલ્લાતંત્ર દ્વારા તેની ચકાસણી કરી અને આખી દરખાસ્ત તૈયાર કરવામાં આવશે જે સરકારને મોકલવામાં આવશે. આ સહાયની રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા થશે.

મળતી વિગતો પ્રમાણે એક ખાતા નંબરમાં એક જ જણને સહાય આપવામાં આવશે. સંયુક્ત ખાતેદાર હશે તો પણ કોઈ એકજને આ સહાય ચુકવવામાં આવશે.

આ અરજી સાથે ખાતા નંબર, બેંકના એકાઉન્ટ નંબર દર્શાવતી ઝેરોક્ષ, ૭-૧૨ અને ૮-અના ઉતારાની નકલ સહિતની વિગતો ખેડૂતોએ જોડવાની રહેશે. આધારકાર્ડનો પણ પુરાવો પણ બિડવાનો રહેશે.

ખેડતો માટે આ પેકેજ બે ભાગમાં વહેંચાયેલુ હોઈ તંત્રને દરખાસ્ત તૈયાર કરવામાં સારો એવો સમય લાગશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં ૧૧૬ ગામમાં કમોસમી વરસાદ એક ઈંચથી વધારે થયો હતો એટલે તે ગામોને આમા તારવવામાં આવશે.

## જિલ્લામાં ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટમાં બીજા હપ્તા પેટે પણ ૨૩ કરોડ ફળવાયા

ગાંધીનગર, તા.૧

૧૪મા નાણાં પંચની ચાલુ વર્ષની ગ્રાન્ટનો બીજો હિસ્સો પણ જિલ્લાને મળી ગયો છે અને તે રકમ રૂ. ૨૩ કરોડ જેટલી છે જે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને ફાળવી દેવાના હુકમો પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

જિલ્લાને ચાલુ વર્ષે ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટ પેટે જંગી રકમ અર્થાત્ રૂ. ૪૬ કરોડ જેટલી ગ્રાન્ટ મળી છે જે આ પાંચ વર્ષમાં મળેલી સૌથી વધુ ગ્રાન્ટની રકમ છે.

જિલ્લાના ૩૦૩ ગામોને આ રકમ ફાળવી દેવાના હુકમો કરી દેવામાં આવ્યા છે. આ ગ્રાન્ટ વસ્તીના ધોરણે ફાળવવામાં આવે છે. દહેગામ તાલુકાના ૯૩ ગામોને રૂ. ૫ કરોડ ૪૧ લાખ, ગાંધીનગરના ૭૪ ગામોને રૂ. ૮ કરોડ ૧૬ લાખ, કલોલના ૬૯ ગામોને રૂ. ૫ કરોડ ૭૭ લાખ અને માણસાના ૬૭ ગામોને રૂ. ૪ કરોડ ૪૦ લાખની રકમ ફાળવી દેવામાં આવી છે.

ચાલુ વર્ષની ગ્રાન્ટનો બીજો હપ્તો પણ ચુકવી દેવામાં આવતાં જિલ્લામાં વિકાસના કામોને નવો વેગ મળશે. આ ગ્રાન્ટની રકમ પંચાયતોના ખાતામાં સીધી જમા આપવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# સે-૧૭ નો બગીચો ઉજ્જડ : ગંદકી ઢગ વચ્ચે રખડતા ઢોરનો અડ્ડો : રહીશોમાં આક્રોશ

**સેક્ટરોના ઉધાનોની જાળવણીના નામે મીંડુ : પસંદગીના સેક્ટરોમાં જ બગીચાઓની જાળવણી થાય છે : સે-૧૭ ના ઉધાનની ફેન્સીંગ અને ગેટ પણ તુટેલી હાલતમાં : પાંગરતા દુષણોથી સેક્ટરવાસીઓ ત્રસ્ત**



ગાંધીનગર તા ૩૦

શહેરના સેકટરોમાં આકર્ષણનુ કેન્દ્ર બનેલા ઉદ્યાનો હાલ મરણપથારીએ છે. બગીચાની સારસંભાળ માટે તંત્ર પાસે મેન પાવર પણ નથી જયારે સેકટરોમાં બગીચાની બાઉન્ડ્રી પણ અદ્રશ્ય થઈ જતા ઉજ્જડ ઉદ્યાનોનુ અસ્તિત્વ પણ શોધવુ પડે તેવી સ્થિતિ છે. સે-૧૭માં પણ બગીચાની આવી જ દશા છે. ઉદ્યાનનો ગેટ અને ફેન્સીંગ બન્ને તુટેલી હાલતમાં છે. ઉજ્જડ બગીચામાં દુષણો પાંગરી રહ્યા છે. બગીચાની જાળવણીનુ કામ ત્વરિત હાથ ધરાય તે માટે પણ સ્થાનિકોએ માંગણી કરી છે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનો કંગાળ બન્યા છે. કોર્પોરેશન દ્વારા પસંદગીના ઉદ્યાનોને વિકસાવવા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ સેકટરોમાં અન્ય ઉદ્યાનો ઉજ્જડ બનવાની સાથે ગંદકીનુ ઉદભવ સ્થાન બની રહ્યા છે. સે-૧૭ ના બગીચાની પણ આવી જ હાલત છે. સેકટર ૧૭ માં સ્થિત બગીચાનો દરવાજો પણ તુટેલી હાલતમાં છે. બગીચાની ફરતે ફેન્સીંગમાં પણ મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે બગીચામાં રખડતા ઢોરનો અડ્ડો જમાવી રહ્યા છે. સેકટરોમાં સ્થિત મોટાભાગના ઉદ્યાનોની હાલત આવી છે. સેકટરવાસીઓને ઘર આંગણે બાળકોને રમત ગમતના સાધનો સાથે ઉદ્યાનની મજા મળી રહે તે માટે શહેર અસ્તિત્વમાં આવ્યા બાદ સેકટરોમાં બગીચાઓનુ નિર્માણ કરાયુ હતુ. જયારે આ બગીચાઓ સેકટરવાસીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. પરંતુ સમય જતા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં રવિ સિઝનની વાવણીમાં વેગ આવ્યો

ગાંધીનગર, તા.૧૦

ધીમી ગતિએ જિલ્લામાં ઠંડીનો માહોલ જામી રહ્યો છે ત્યારે બીજી તરફ રવિ સીઝનની વાવણીનો માહોલ ખેડૂતોમાં જામ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૧,૮૪૯ હેકટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ જવા પામ્યું છે.

જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થતાં ખેડતૂએ સિઝનને અનુકૂળ વાતાવરણની સાથે સાથે ઘાસચારાના વાવેતરને અગ્રતા આપી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૬૨૦૦ હેકટરથી વધુ વિસ્તારમાં ઘાસચારાનું વાવેતર થયું છે. જિલ્લાના મુખ્ય પાક ઘણાતા ઘઉંનું વાવેતર ૬૮૪૬ હેકટરમાં, ચણાનું વાવેતર ૩૩૪ હેકટરમાં, રાઈનું વાવેતર ૪૧૪ હેકટરમાં, તમાકુના પાકનું વાવેતર ૧૦૯૯ હેકટરમાં, જીરૂનું વાવેતર ૧ હેકટરમાં તો સવાનું વાવેતર ૫ હેકટરમાં થયું છે.

● અનુસંધાન પાન-૭ પર

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com